**-: : રે. દિ. મુ. નં. ૬૪/૨૦૨૬ના કામે આંક ૫ લગત હુકમ : :-**

(૧) આ કામના વાદીઓએ પ્રતિવાદીઓ વિરૂધ્ધ હાલનો દાવો દાખલ કરી, દાવાના કામે હાલની વચગાળાનો મનાઇ હુકમ મેળવવા માટે સી. પી. સી. ઓર્ડર ૩૯ રૂલ ૧ અને ૨ મુજબની અરજી રજુ કરેલ છે. સદર દાવાના કામે વાદીઓની આંક ૫ મનાઈ અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના વાદીઓ, જૂનાગઢ જીલ્લાના મેંદરડા તાલુકાના ગામ મોજે ઝીંઝુડા ખાતે આવેલ ખેતીની જમીનના કાયદેસર માલિક, ધારક તથા કબજેદાર છે. સદરહું જમીન ખેડખાતા નં. ૩૧૮ હેઠળ નોંધાયેલ છે. જેમાં રેવન્યુ સર્વે નં. ૨૦૪/પૈકી ૧ (જુનો સર્વે નં. ૧૦/પૈકી ૧) ની કુલ ક્ષેત્રફળ ૦-૫૧-૮૧ હેકટર-આરે-ચો.મી. છે. સદર જમીન ગામમાં 'પાણ ખાણીયું' તરીકે ઓળખાય છે અને વાદીઓ તથા તેમના પૂર્વજોના સતત કબજા તથા ભોગવટા હેઠળ ખેતી કરતા આવી રહ્યા છે. સદરહું જમીન મૂળરૂપે ઇનામ જમીન તરીકે વાદીઓના વડીલશ્રી કોળી કાના કચરાને, માનનીય કલેકટર સાહેબ, જૂનાગઢ દ્વારા હુકમ નં. લેન્ડ/૧/ઇનામ અવેડા હેઠળ કાયદેસર રીતે એનાયત કરવામાં આવેલ હતી. ત્યારબાદ, ગુજરાત રાજયના લાગું કાયદા મુજબ, સદરહું જમીન તા. ૨૯/૦૪/૧૯૬૬ ના રોજ સીમ સર્વે નં. ૮ એકર ૧૧.૩૨ ગુંઠા તેમજ સર્વે નં. ૧૦ એકર ૯-૧૫ ગુંઠા આમ કુલ એકર ૨૧-૦૭ ગુંઠા જમીન ધારાસરની રકમ લઈને રીગ્રાન્ટ કરવામાં આવેલ છે અને તે અંગેનો હુકમ તથા એન્ટ્રી રેવન્યું રેકર્ડમાં હક્ક પત્રક નં. ૬ માં નોંધ નં. ૧૩૬૯, તા. ૧૦/૦૧/૨૦૦૩ થી કાયદેસર રીતે નોંધાયેલ છે. રીગ્રાન્ટ બાદથી આજદિન સુધી વાદીઓ તથા તેમના પૂર્વજો સદરહું જમીન પર સતત, શાંતિપૂર્ણ તથા અવિરત કબજો ધરાવી, ખેતી કાર્ય કરતા આવ્યા છે.

વાદીઓના કબજા, ભોગવટાની રેવન્યુ સર્વે નં. ૨૦૪/પૈકી ૧ (જુનો સર્વે નં.૧૦/પૈકી ૧) ની કુલ ક્ષેત્રફળ ૦–૫૧–૮૧ હેકટર–આરે–ચો.મી. ની ચતુ:દિશામાં ઉત્તર:– ઝીંઝુડા ગામ તરફ જતી પગકેડી, દક્ષિણ :– સર્વે નં. ૨૧૫ વાળું ફોરેસ્ટ વીડી, પૂર્વ :– સર્વે નં. ૨૦૫, શ્રી પ્રવિણભાઈ સોલંકીનું ખેતર તથા પશ્ચિમ :– સર્વે નં. ૨૦૪/૨, શ્રી ભાયાભાઈ લાલુનું ખેતર આવેલ છે. સદર જમીનમાં વાદીઓ પાસે પાણીનો કુવો આવેલ છે, તેમજ પાણીના કુવા ઉપર એક મોટો રૂમ, ઓરડો તેઓના દાદાના સમયથી આવેલ છે અને જે અંગેની નોંધ રેવન્યુ હક્કપત્રક ગામ નમુના નં. ૬ માં નોંધ નં. ૨૨૯૦ થી નોંધ પણ તલાટીશ્રી, ઝીંઝુડાના પંચ રોજકામથી થયેલ છે. સદર જમીન તેમજ તેમાં રહેલ કુવા અને મકાનનો કબજો, ભોગવટો વાદીઓ પરાપૂર્વેથી સતત રીતે ભોગવતા આવી રહ્યા છે. સદર મકાન તેમજ કુવો તેઓની માલિકીની જમીનમાં આવેલ હોય, તેમ છતાં, આ કામના પ્રતિવાદી સંસ્થા દ્વારા અને ખાસ કરીને પ્રતિવાદી નં. ૫, રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રીની કચેરી, ડેડકડી રેન્જ, મેંદરડાનાઓ દ્વારા " (૧) આથી, તમોને જણાવવામાં આવે છે કે, તમોએ ઝીંઝુડા ગામના રીઝર્વ ફોરેસ્ટની નવો સર્વે નં. ૨૧૫ (જુના સર્વે નં. ૧૪૭/પૈકી) ની જમીનમાં વગર પરવાનગીએ દબાણ કરેલુ છે અને પેશકદમી કરેલી છે સદરહું આ જમીન સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક: અખ–૮–૭૫–એફએલડી–૧૩૭૫–૬૦૦૨૨–પી–સને તા. ૦૮/૦૧/૧૯૭૫ થી ભારતીય વન અધિનીયમ ૧૯૨૭ ની કલમ કલમ ૨૯ હેઠળ રીઝર્વ ફોરેસ્ટ (અનામત જંગલ) તરીકે જાહેર થયેલ છે અને આ જમીન વન વિભાગની માલિકીની છે, તેમાં તમોએ ગેરકાયદેસરનો કબજો રાખેલો છે, તે કબજો રાખવા અંગે તમોએ કોઈ યોગ્ય સત્તાધિકારીની

પરવાનગી મેળવેલ નથી અને જાણી જોઈને પેશકદમી કરીને કબજો રાખેલો છે. (૨) તમોને આ નોટીસ આપી આ જમીન ખુલ્લી કરવા જાણાવવામાં આવે છે. તમો આ જમીન જાણી જોઈને ખુલ્લો કરતા નથી અને સરકારી મિલકતને વગર અધિકારે પોતાના કબજામાં રાખી રહયા છો તે તમારૂ કૃત્ય ગેરકાયદેસરનું છે. (૩) સદરહું ઉપરોકત વર્ણનવાળી જમીન વન્ય પ્રાણીઓના રહેઠાણ માટેની જમીન છે અને રાષ્ટ્રની સંપતી છે, તેનો કબજો રાખવા તમોને કોઈ હકક અધિકાર નથી, તેમ છતાં, જાણી જોઈને સદરહું જમીનનો કબજો રાખી, વન્ય પ્રાણીઓને તેમના નિવાસ સ્થાનથી વંચીત રાખી, વન્ય પ્રાણીઓના રહેઠાણને નુકશાન કરો છો. (૪) સદરહું જમીનની સરકારશ્રીને આવશ્યકતા છે અને આ જમીનનો વિશેષ સમય માટે કબજો રાખવા તમોને કોઈ હકક, અધિકાર નથી, તેથી આ નોટીસ આપવા ફરજ પડેલ છે, જેથી આ નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, આ નોટીસ મળ્યેથી દિન–૭ ની અંદર પેશકદમીવાળા વિસ્તારમાંથી એટલે કે, ઝીંઝુડા નવો સર્વે નં. ૨૧૫ (જુના સર્વે નં. ૧૪૭/પૈકી) વિસ્તારમાં પેશકદમી કરેલ હોય તો, તમારી તમામ ચીજ વસ્તુઓ તમારી જવાબદારી અને જોખમે ખસેડી લેવી તેમ કરવામાં કસુર થયે અમારે નાછુટકે કાયદેસરની કાર્યવાહી કરી, આ જમીન સરકારશ્રીના કબજે લેવા ફરજ પડશે અને કાયદેસરની કાર્યવાહી દરમ્યાન કોઈ તોડફોડ કે નુકશાની થશે અને તેમાં અમોને જે કાઈ ખર્ચ થશે તે તમારા શીરે રહેશે તેની પણ ખાસ નોંધ લેશો વિગેરે બાબતની નોટીસ વાદીને આપવામાં આવેલ છે.

(૧.૧) વાદીઓએ વધુમાં જણાવેલ છે કે, ખરી હકીકતે પ્રતિવાદી નં. ૫ દ્વારા તા. ૦૧/૦૨/૨૦૨૬ ( ક્રમાંક : ક/જમન–સી/૪/૫૫૫–૫૮/૨૦૨૫–૨૬ ) ના રોજ આપવામાં

આવેલ નોટીસ સંપૂર્ણપણે ગેરકાયદેસર, મનસ્વી અને તથ્યવિહીન છે. વાદી સદરહું જમીનના કાયદેસર માલિક તથા કબજેદાર છે, વાદી તથા તેઓના પૂર્વજોએ વર્ષોથી સદરહું જમીન ઉપર અવિરત, શાંતિપૂર્ણ અને કાયદેસર કબજો ભોગવ્યો છે, સદરહું જમીન ઉપર વાદી દ્વારા વર્ષોથી ઉપયોગમાં લેવાતો કુવો તથા રહેણાંક મકાન આવેલ છે, જે અંગેની નોંધ સંબંધિત રેવન્યુ રેકોર્ડ, ખાસ કરીને ૭/૧૨ ઉતારા તથા અન્ય દાખલાઓમાં પંચ રોજકામ દ્વારા આ કામના પ્રતિવાદી નં. ૭ ની કચેરી દ્ધારા નોંધવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદી સંસ્થા દ્વારા તેઓના ખેતરમાંથી વચ્ચેથી રાત્રિના સમયે ગેરરીતે દિવાલ ચણવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. સદરહું દિવાલ કોઈપણ સત્તાવાર માપણી, સીમા નિર્ધારણ (demarcation) અથવા સ્થળ તપાસ કર્યા વગર ચણવામાં આવી રહી છે. જે ગેરકાયદેસર છે. વાદીઓ મુખ્યત્વે ખેતી આધારિત જીવન નિર્વાહ કરે છે અને સદર જમીનમાં આવેલ મકાનમાં તેઓ તથા તેઓનો પરિવાર અને માલ–ઢોર સાથે વર્ષોથી રહી રહ્યા છે, સદર જમીન પર તેઓનો કાયદેસર કબજો છે. જેમાં તેઓનો કુવો, મકાન તથા ખેતીનો વિસ્તાર આવેલ છે. પ્રતિવાદી સંસ્થા દ્વારા તેઓને ખોટી રીતે પેશકદમી બાબતની નોટીસ આપવામાં આવી છે અને તે આધારે તેઓની જમીનમાંથી વચ્ચેથી દિવાલ ચણવાનું શરૂ કરવામાં આવ્યું છે. જેના કારણે તેઓને ભારે નુકસાન થવાની શક્યતા છે અને તેઓ નિરાધાર બની જાય તેવી પરિસ્થિતિ ઉભી થઈ છે, સદરહું દિવાલના કારણે તેઓની માલિકીની જમીન બે ભાગમાં વહેંચાઈ ગઈ છે, જેના કારણે એક બાજુથી બીજી બાજુ જવા–આવવામાં પણ મુશ્કેલી પડી રહી છે, ખાસ કરીને, તેઓનો કુવો, મકાન અને ખેતર વચ્ચે

અવર જવર અડચણભરી બની ગઈ છે, જે તેઓના રોજિંદા જીવન અને ખેતી કામમાં ગંભીર અસર કરે છે.

(૧.૨) વાદીઓએ વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદી સંસ્થા દ્વારા તેઓને મૌખિક રીતે ધમકી આપવામાં આવી છે કે, દિવાલની અંદરનો ભાગ તોડી પાડવામાં આવશે તથા તેઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, જેના કારણે વાદીનો પરિવાર સતત ભયભીત અને માનસિક હતાશા અનુભવી રહ્યો છે, જો પ્રતિવાદી સંસ્થા દ્વારા આ રીતે કરવામાં આવેલ મનસ્વી કૃત્યના લીધે તેઓ નિરાધાર બની જશે અને જંગલમાં વાદીઓ, તેઓનો પરિવાર તેમજ તેઓના માલ ઢોર હિંસક પ્રાણીઓથી જીવથી જાય તેવી પરિસ્થિતિ ઉત્પન્ન થઇ જશે. આથી સ્પષ્ટ થાય છે કે, પ્રતિવાદી સંસ્થા દ્વારા કોઈ કાયદેસર પ્રક્રિયા કર્યા વગર, ગેરરીતે અને બળજબરી પૂર્વક તેઓના કાયદેસર કબજામાં હસ્તક્ષેપ કરવામાં આવી રહ્યો છે. વાદીઓએ પ્રતિવાદીને મૌખિક રીતે આ ગેરકાયદેસર કામ બંધ રાખવા જણાવ્યું હોવા છતાં પણ પ્રતિવાદી સંસ્થા દ્વારા દિવાલનું કામ ચાલું રાખવામાં આવી રહ્યું છે. વાદગ્રસ્ત જમીનમાં આવેલ રહેણાંકનું મકાન વાદીઓ તથા તેઓના પરિવારનો એકમાત્ર આશરો છે, આ મકાન સિવાય તેઓ પાસે રહેવા માટે અન્ય કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કે સ્થાવર મિલકત આવેલ નથી, સદર વિસ્તાર જંગલને અડીને આવેલો અતિ સંવેદનશીલ વિસ્તાર હોય, જો પ્રતિવાદીઓ દ્વારા બળજબરીથી દિવાલ ચણીને તેઓના આશરા સમાન મકાનને નુકસાન કરવામાં આવશે અથવા તો તોડી પાડવામાં આવશે, તો તેઓ, તેઓનો પરિવાર અને તેઓના અબોલ માલ–ઢોર જંગલી હિંસક પ્રાણીઓના ભય નીચે સાવ નિરાધાર અને ખુલ્લામાં આવી જશે, જેના કારણે તેઓના પરિવારના જાન–માલને ગંભીર જોખમ ઉભું થાય

તેમ છે. પ્રતિવાદીઓ દ્વારા કરવામાં આવી રહેલી આ કાર્યવાહી કુદરતી ન્યાયના સિદ્ધાંતોથી તદ્દન વિપરીત છે, કારણ કે, તેઓને સાંભળ્યા વગર કે તેઓના રહેણાંકના હક્કનો વિચાર કર્યા વગર આ આકસ્મિક પગલું લેવામાં આવી રહ્યું છે. પ્રતિવાદી દ્વારા કરવામાં આવતી આ કાર્યવાહી સંપૂર્ણપણે અન્યાયપૂર્ણ, ગેરકાયદેસર અને તેઓના હક્કોમાં સીધી દખલ છે. જો આ કામગીરી ચાલુ રહેશે તો તેઓને તેઓના કુવા, મકાન અને ખેતીના ઉપયોગમાં અડચણ ઉભી થશે અને તેઓનું જીવન નિર્વાહ ગંભીર રીતે પ્રભાવિત થશે.

(૧.૩) વાદીઓએ વધુમાં જણાવેલ છે કે, તેઓને સદર દાવો લાવવાનું કારણ તેઓને આક્ષેપિત પેશકદમી અંગેની તા. ૦૧/૦૨/૨૦૨૬ ના રોજ આપવામાં આવેલ ખોટી નોટીસ આપવામાં આવી, ત્યારથી સતત રીતે ચાલું છે, કારણ કે, પ્રતિવાદી સંસ્થા દ્વારા કોઈપણ જાતની માપણી વગર તેઓના ખેતર વચ્ચેથી દિવાલનું કામ ચાલું રાખી, તેઓના હક્કોમાં દખલ કરે છે તથા તેઓને કુવો, મકાન અને ખેતીના ઉપયોગમાં અવરોધ ઉભો કરે છે. તેઓએ પ્રતિવાદી સંસ્થાને મૌખિક રીતે રજુઆત કરી, આ ગેરકાયદેસર કામ બંધ રાખવા જણાવ્યું હોવા છતાં પણ પ્રતિવાદી સંસ્થા દ્વારા તેઓની રજુઆતનો કોઈ વિચાર કર્યા વગર દિવાલનું કામ ચાલું રાખવામાં આવી રહ્યું છે. આમ, પ્રતિવાદી સંસ્થા દ્વારા તેઓના કાયદેસર કબજામાં આવેલી જમીનમાં કોઈપણ સત્તાવાર માપણી કે સીમા નિર્ધારણ કર્યા વગર દિવાલ ચણવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. તકરારના મુખ્ય કારણમાં પ્રતિવાદીઓ દ્વારા કોઈ પણ જાતની કાયદેસરની માપણી કર્યા વગર અથવા વાદીઓને કોઈ પૂર્વ જાણ કર્યા વગર, તાજેતરમાં થોડા દિવસોથી વાદીઓના ખેતરની

બરાબર મધ્યમાંથી બળજબરી પૂર્વક દિવાલ ચણવાનું ગેરકાયદેસર કામ શરૂ કરવામાં આવ્યું છે. પ્રતિવાદીઓ દ્વારા આ કામગીરી અત્યંત ઝડપથી અને રાત્રિના સમયે પણ કરવામાં આવી રહી છે, જેથી વાદીઓને કાયદેસરની દાદ માંગવાનો સમય ન મળે. પ્રતિવાદીઓનું આ કૃત્ય કુદરતી ન્યાયના સિદ્ધાંતોની વિરુદ્ધ છે. જો આ દિવાલનું કામ ચાલુ રહેશે, તો વાદીઓની માલિકીની જમીન બે ભાગમાં વહેંચાઈ જશે, જેના કારણે એક બાજુ કૂવો, મકાન અને બીજી બાજુ ખેતર રહી જશે, જે ખેતીના વ્યવસાયને સંપૂર્ણપણે ઠપ કરી દેશે, પ્રતિવાદીઓ દ્વારા હાલમાં જે ગતિએ કામ ચલાવવામાં આવી રહ્યું છે, જો તેને આ તબક્કે અટકાવવામાં નહીં આવે, તો વાદીઓ માટે ન્યાય મેળવવો અશક્ય બની જશે, પ્રતિવાદીઓ સરકારી સત્તાનો દુરુપયોગ કરી, વાદીઓના શાંતિપૂર્ણ કબજામાં ખલેલ પહોંચાડી રહ્યા છે.

(૧.૪) વાદીઓએ વધુમાં જણાવેલ છે કે, વાદીઓ પાસે જમીનની માલિકીના વર્ષ ૧૯૬૬ થી લઈને ૨૦૦૩ સુધીના પાકા મહેસૂલી પુરાવા છે. જ્યારે પ્રતિવાદીઓ પાસે કોઈ સત્તાવાર હદ નિર્ધારણ નથી, આમ, વાદીઓનો ખુબજ સારો પ્રથમ દર્શનીય રીતે કેસ વાદીઓની તરફેણમાં છે. જો પ્રતિવાદીઓને દિવાલ ચણતા અટકાવવામાં આવે, તો સરકારને કોઈ નુકસાન જવાનું નથી, પરંતુ જો દિવાલ ચણાઈ જશે, તો વાદીઓનો ખેતીનો અધિકાર અને જીવન નિર્વાહ કાયમી ધોરણે છીનવાઈ જશે, જેથી સગવડતા-અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે, તેમજ જો વચગાળાનો મનાઈ હુકમ આપવામાં નહીં આવે, તો પ્રતિવાદીઓ બળજબરીથી દિવાલનું બાંધકામ પૂર્ણ કરી દેશે, જેનાથી વાદીઓને નાણામાં ન પૂરી શકાય તેવી મોટી

આર્થિક અને માનસિક નુકસાની જશે તેમ જણાવી, દાદ માગેલ કે, (અ) આ કામના દાવાનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી, પ્રતિવાદીઓ, તેમના એજન્ટો કે મજૂરોને વાદીઓની માલિકીની અને કબજા ભોગવટાની સર્વે નં. ૨૦૪/પૈકી ૧ વાળી જમીનમાં કોઈપણ પ્રકારનું નવું બાંધકામ કરતા, દિવાલ ચણતા, તેમજ હાલમાં ચાલતી કામગીરી આગળ વધારતા અટકાવતો અને વાદીના કબજામાં હસ્તક્ષેપ ન કરવા અંગેનો વચગાળાનો મનાઈહુકમ ફરમાવવા, (બ) પ્રતિવાદીઓને હુકમ કરવામાં આવે કે, તેઓ વાદીઓના ખેતરમાં આવેલા કૂવા કે મકાનને કોઈ નુકસાન ન પહોંચાડે અને હાલમાં જે સ્થિતિ (Status Quo) છે, તે જાળવી રાખે, તે બાબતનો ન્યાયના વિશાળ હિતમાં હુકમ ફરમાવવા, તેમજ (ક) સમગ્ર કેસના સંજોગો અને હકીકતો ઉપરથી વાદીઓને અપાવી શકાતી અને મળી શકતી અન્ય તમામ દાદ અપાવવા અરજ ગુજારેલ છે.

(૨) આ કામના પ્રતિવાદીઓને દાવાનો સમન્સ તથા મનાઇ અરજીની નોટિસ ઇસ્યું કરતા, પ્રતિવાદી નં. ૧ થી ૬ તરફે વિ. ડી. જી. પી. શ્રી એન. કે. પુરોહિત હાજર થયેલ છે. તેમજ પ્રતિવાદી નં. ૭ તરફે તલાટી મંત્રીશ્રી, ઝીંઝુડા, ગ્રામ પંચાયતના જાતે હાજર થયેલ છે. આ કામના વાદી દ્વારા દાવા અરજી તથા દરમ્યાન મનાઇ અરજીનો પ્રતિવાદીઓ જવાબ રજુ કરે ત્યા સુધીનો પણ દરમ્યાન મનાઈ આપવા આજીજી કરેલ છે. સબબ આ કામના વાદી તથા પ્રતિવાદીઓની મૌખિક દલીલો સાંભળી.

(૩) વાદીઓ તરફે આંક ૪ થી દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. જે પુરાવાઓ વંચાણે લીધા. આમ, હાલની અરજીના નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત કરવામાં આવેલ છે.

## મુદા

(૧) શું વાદીઓનો પ્રથમ દર્શનીય કેસ છે?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીન્યન્સ વાદીઓના લાભમાં છે?

(૩) શું વાદીઓને દરમ્યાન મનાઈ હુકમ ન આપવામાં આવે તો, નાણાંથી ન ભરપાઈ થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે?

(૪) શું હુકમ?

(૪) ઉપરોકત મુદ્ધાઓ પરત્વેના મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

(૧) અંશત: હકારમાં

(૨) અંશત: હકારમાં

(૩) અંશત: હકારમાં

(૪) આખરી હુકમ મુજબ.

## -:: કારણો ::-

(૫) **મુદ્ધા નં. ૧ થી ૩ ની સંયુકત ચર્ચા ::-**

(૫.૧) ઉપરોકત ત્રણેય મુદ્ધાઓ એકબીજા સાથે સંકળાયેલ હોવાથી હકીકતોની તથા કાયદાની ચર્ચાઓનું પુનરાવર્તન ન થાય તેવા ઉમદા આશયથી ત્રણેય મુદ્ધાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

(૫.૨) આ કામના વાદીએ હાલનો દાવો તેઓની મિલકત યાને કે સર્વે નં. ૨૦૪/પૈકી ૧ વાળી મિલકતમાં કોઈપણ પ્રકારનું બાંધકામ કરે કરાવે નહી, તેવો દરમ્યાન મનાઈ માંગવામાં આવેલ છે. હાલના કામે વાદી દ્વારા નિ. ૪/૧ થી જે દસ્તાવેજ રજુ કરવામાં આવેલ છે, તે દસ્તાવેજ વંચાણે લેવામાં આવે તો વન વિભાગ દ્વારા આ કામના વાદી નં. ૧ ને નોટિસ આપવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદી નં. ૧

થી ૬ તર્ફે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના વાદીએ તેઓની જે મિલકત દર્શાવવામાં આવેલ છે, તે મિલકતની વિગતમાં સર્વે નં. ૨૦૪/પૈકી ૧ છે. જયારે આ કામના પ્રતિવાદી નં. ૫ નાએ જે નોટિસ આપેલ છે તે નોટિસ નવો સર્વે નં. ૨૧૫ (જુના સર્વે નં. ૧૪૭/પૈકી) ની જમીનમાં દબાણ કરેલ હોય, તેવી નોટિસ આપેલ છે. જે જમીન આ કામના વાદીની હોય, તેવી હકીકત દર્શાવી શકેલા નથી. સબબ પણ હાલની અરજી ચાલવાપાત્ર નથી. જેથી પણ દરમ્યાન મનાઇ હુકમ આપી શકાય નહી. જેથી હાલની અરજી રદ કરવા અરજ ગુજારેલ છે. આ તબકકે નિ. ૪/૧ વંચાણે લેવામાં આવે તો વાદી નં. ૧ નાને પ્રતિવાદી નં. ૫ દ્વારા નોટિસ આપેલ છે. જે નોટિસના મથાળામાં વંચાણે લેવામાં આવે તો ઝીઝુંડા સર્વે નં. ૨૦૪/પૈકી ૧ વાળી જમીન બાબતે આપવામાં આવેલ હોય, તેવી હકીકત પ્રતિત થાય છે. જયારે નોટિસના મુખ્ય ભાગમાં સર્વે નં. ૨૧૫ (જુના સર્વે નં. ૧૪૭/પૈકી ) વાળી જમીન અંગેની હોય, તેવી હકીકત જણાઇ આવે છે. આમ, આ કામના પ્રતિવાદી નં. ૫ કઇ મિલકત અંગે નોટિસ આપેલ છે, તે અંગે તેઓ પોતે ચોકકસ નથી. આ કામના વાદી દ્વારા તેઓની દલીલ દરમ્યાન જણાવેલ છે કે, આ કામના વાદી માત્ર એક જ મિલકત યાને કે સર્વે નં. ૨૦૪/પૈકી ૧ વાળી મિલકતના જ માલીક છે, સબબ આ કામના પ્રતિવાદી નં. ૫ નાએ જે નોટિસ આપેલ છે, તે નોટિસમાં વાદીની જમીનનો ઉલ્લેખ ઉપર કરેલ છે અને નીચેના ભાગે જુદી મિલકતનો ઉલ્લેખ કરેલ હોય, વાદી પણ તેઓની મિલકત સંદર્ભે જ પ્રતિવાદી કાર્યવાહી કરવા માંગતા હતા કે કેમ? તે ચોકકસતા આવતી ન હોય, તેઓએ આ કામના પ્રતિવાદીને નોટિસનો જવાબ પણ આપેલ ન હતો. વધુમાં વાદી જણાવે

છે કે, તેઓની મિલકતની આજુબાજુ આ કામના પ્રતિવાદીઓ દિવાલ ચણતરનું કામ કરી રહયા હોય, સબબ આ કામના વાદીએ હાલનો દાવો લઈને આવવાનું કારણ ઉત્પન્ન થયેલ છે. આમ, ઉપરોકત હકીકત ધ્યાને લેતા આ કામના પ્રતિવાદી નં. ૫ નાએ તેમની નોટિસ ચોકકસ કયા સર્વે નંબરની જમીન માટે આપેલ છે, તેની વિગત વિ. ડી.જી.પી. તેઓની દલીલ દરમ્યાન જણાવી શકેલા નથી. તેમજ આ કામના વાદીએ તેઓના દાવા સાથે સર્વે નં. ૨૦૪/પૈકી ૧ વાળી મિલકતના તેઓ માલીક, મુખત્યાર હોય, તે દર્શાવવા માટે ગામનમુના નં. ૭/૧૨ રજુ નિ. ૪/૩ તથા નિ. ૪/૪ થી કરેલ છે. જે વંચાણે લેતા આ કામના વાદી સર્વે નં. ૨૦૪/પૈકી ૧ ના માલીક, મુખત્યાર હોય, તેવી હકીકત ફલીત થાય છે. તેમજ આ કામના પ્રતિવાદી ધ્વારા તેઓની દલીલ દરમ્યાન આ કામના વાદીની મિલકતની આજુબાજુ કોઈ જ દિવાલ ચણતા ન હોય, તેવી હકીકત જણાવેલ નથી. તેમજ નિ. ૪/૮ થી રજુ થયેલ ફોટા ધ્યાને લેતા દિવાલ ચણતરનું કામ થયેલ હોય, તેમજ વાદીનો કુવો તથા રહેણાંક મકાન આવેલ હોય, તેવી હકીકત જણાઈ આવે છે. સબબ પણ આ કામના વાદીઓની દાવાવાળી મિલકત આજુ બાજુ પ્રતિવાદી નં. ૫ ના દિવાલ ચણી રહેલ હોય, તેવી હકીકત માનવાને કારણ મળે છે. સબબ પણ આ કામના વાદીના લાભમાં દરમ્યાન મનાઈ હુકમ આપવો ન્યાયોચીત જણાઈ આવે છે.

(૫.૩) આ કામના વાદીના વડવાને દાવાવાળી મિલકત ઈનામી તરીકે મળેલ હોય, તેવી હકીકત તેઓએ તેમની દાવા અરજીમાં જણાવેલ છે. સબબ આ કામના પ્રતિવાદી નં. ક્ષ્ થી ૬ તર્ફે એવી દલીલ કરવામાં આવેલ છે કે, તેઓએ આવો કોઈ જ હુકમ આ કામે સામેલ રાખેલ નથી, તેમજ આ કામે

કલેકટરને પક્ષકાર બનાવેલ નથી. સબબ પણ વાદીના દાવાને મીસ જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડે છે. તે જ રીતે આ કામે કલેકટર શ્રીએ જમીન આપેલ હોય, તેવો કોઇ આધાર નથી. જેથી પણ વાદીના દાવો ટકવાપાત્ર નથી. આમ, જયારે વાદીનો દાવો જ ટકવાપાત્ર ન હોય, ત્યારે તેવા દાવા લગત દરમ્યાન મનાઈ હુકમની અરજી પણ ટકવાપાત્ર ન હોય, સબબ પણ વાદીની હાલની અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે. ઉપરોકત દલીલ સંદર્ભે આ કામના વાદીને પ્રતિવાદી નં. ૫ નાએ જે નોટિસ આપેલ છે, તે નોટિસ પેશકદમી કરેલ હોય, તે લગત આપવામાં આવેલ છે. આ કામના વાદીએ પેશ કદમી કરેલ છે કે કેમ? તે હકીકત પુરાવાનો વિષય છે. આ કામના પ્રતિવાદી દ્વારા વાદીએ વન વિભાગની જમીન ઉપર પેશકદમી કરેલ હોય, તેવા કોઈ જ દસ્તાવેજ હાલના તબકકે રજુ કરેલા નથી. તેમજ તેવા દસ્તાવેજો રજુ થયેથી જ સદર કેસમાં આગળનો કોઇપણ નિર્ણય લઇ શકાય તેમ હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. તેમજ કલેકટર જરૂરી પક્ષકાર છે કે કેમ? તે પણ પુરાવાનો વિષય છે. જો આ કામે વાદીએ વન વિભાગની જમીન ઉપર કોઇ જ પેશકદમી કરેલ ન હોય તો તેવા સંજોગોમાં જો વાદીના લાભમાં દરમ્યાન મનાઈ હુકમ આપવામાં નહી આવે અને પ્રતિવાદી નં. ૫ ના દિવાલ ચણી દે તો આ કામના વાદીને તેઓના જ મકાનમાં તથા કુવાનું પાણી લેવામાં તકલીફ પડે તેમ હોય, તેવુ અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. સબબ પણ મુદા નં. ૧ નો ઉત્તર અંશત: હકારમાં આપવામાં આવેલ છે.

(૫.૪) વધુમાં આ કામના પ્રતિવાદી તર્ફે એવી પણ દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના વાદીએ ખેતીની જમીનમાં બાંધકામ કરેલ હોય, તે બાંધકામ કરવા માટેની કોઇ પુર્વ

મંજુરી લીધેલ છે તે દર્શાવતો કોઇ જ આધાર આ કામે રજુ રાખેલ નથી. જેથી તેઓના ખોટા કૃત્યને કાયદાથી રક્ષણ આપી શકાય નહી. જેથી પણ હાલની અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે. ઉપરોકત દલીલ સંદર્ભે દાવો વંચાણે લેવામાં આવે તો આ કામના વાદીએ તેઓનો કુવાની આજુબાજુ તથા તેઓના મકાનની આજુબાજુ દિવાલ ચણે નહી, તેવો દરમ્યાન મનાઇ હુકમની માંગણી કરેલ છે, આ કામના વાદી તેઓના દાવામાં મકાન કાયદેસરનું છે, તેવી જાહેરાત મેળવવા માટે આવેલ નથી. તેમજ વાદીએ રજુ કરેલા ફોટા ધ્યાનથી જોવામાં આવે તો તેમાં માત્ર ઢોરોને રાખવાની જગ્યા હોય, તેવુ પ્રતિત થાય છે. તેમજ આ કામના વાદીના ફોટા ઉપરથી તેઓએ પાકુ બાંધકામ કરેલ હોય, તેવી હકીકત જણાઇ આવતી નથી. જેથી પણ આ કામના વાદીએ માત્ર બાંધકામની મંજુરી રજુ કરેલ ન હોય, તેટલા માત્રથી આ કામના પ્રતિવાદીઓને દિવાલ ચણતર કરવાની પરવાનગી આપી શકાય નહી, તેમ અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. વધુમાં આ કામના વાદીની જ મિલકતમાં પેશકદમી કરેલ ન હોય, તેવી જ દલીલ જો આ કામના પ્રતિવાદી તર્ફે થયેલ હોય, તો તેવા સંજોગોમાં આ કામના પ્રતિવાદીઓની વિરૂધ્ધમાં દરમ્યાન મનાઇ હુકમ આપવામાં આવે તો પણ તેવા દરમ્યાન મનાઇ હુકમથી આ કામના પ્રતિવાદીઓને કોઇપણ રીતે તકલીફ કે પ્રેજયુડીશ થવાની કોઇ જ સંભાવના રહેલ નથી. આમ, આ કામના વાદી તેઓનો પ્રથમ દર્શનીય કેસ હોય, તેવી હકીકત પ્રસ્થાપિત કરી શકેલા છે. આ કામના પ્રતિવાદીઓને દાવા અરજી તથા મનાઇ અરજીનો જવાબ રજુ કરવાની તક મળેલ નથી. તેવા સંજોગોમાં દાવા અરજી તથા દરમ્યાન મનાઇ અરજીનો જવાબ રજુ થયેથી જ સાચી હકીકત રેકર્ડ ઉપર

આવી શકે તેમ છે. જેથી વાદી મુદ્દા નં. ૧ અંશત: પ્રસ્થાપિત કરી શકેલા હોય, તેવુ અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. સબબ મુદ્દા નં. ૧ નો ઉત્તર અંશત: હકારમાં આપવામાં આવેલ છે.

(૬) આ કામના વાદીના લાભમાં દરમ્યાન મનાઈ હુકમ આપવામાં ન આવે અને જો આ કામના પ્રતિવાદીઓ દિવાલ ચણી નાંખે તો આ કામના વાદીને તેઓની જમીનમાં આવવા–જવામાં તેમજ તેઓના કુવામાંથી પાણી લેવામાં પણ તકલીફ પડે તેમ છે. સબબ પણ આ કામના વાદીના લાભમાં સગવડ–અગવડની સમતુલા હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. તેમજ આ કામના વાદીના લાભમાં દરમ્યાન મનાઈ હુકમ આપવામાં નહી આવે અને આ કામના વાદી તેઓની મિલકતમાં આવ–જા કરી શકે નહી, તો તેવા સંજોગોમાં આ કામના વાદીની જમીન પડતર થઈ જવાની પણ સંભાવના રહેલ છે. સબબ પણ વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ ગંભીર નુકશાન થવાની પણ સંભાવના રહેલ છે. સબબ મુદ્દા નં. ૨ તથા ૩ નો ઉત્તર અંશત: હકારમાં આપવામાં આવેલ છે.

(૭) આમ, ઉપરોકત હકીકત ધ્યાને લેતા આ કામના વાદી મુદ્દા નં. ૧ થી ૩ અશંત: પ્રસ્થાપિત કરી શકેલા હોય, તેમજ આ કામના પ્રતિવાદીઓને તેમનો દાવા જવાબ તથા દરમ્યાન મનાઈ હુકમનો જવાબ રજુ કરવાની તક મળેલ ન હોય, તેવી તક આપવી પણ ન્યાયોચીત જણાઈ આવતુ હોય, સબબ સદર અરજીના મુદ્દા નં. ૪ લગત આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

**–: હુકમ :–**

(૧) વાદીઓની હાલની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના પક્ષકારોએ પ્રતિવાદીઓ દાવા જવાબ તથા દરમ્યાન મનાઈ અરજીનો જવાબ રજુ કરે અને દરમ્યાન મનાઈ અરજી લગત દલીલ કરવામાં ન આવે ત્યા સુધી દાવાવાળી મિલકતની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો હુકમ ફરમાવવામાં આવે છે, તેમજ તે માટે આ કામના વાદીએ જે ફોટોગ્રાફસ રજુ કરેલા છે, તે મુજબના દાવાવાળી મિલકતના તમામ એંગલથી વાદી તથા પ્રતિવાદીઓએ ફોટોગ્રાફ રજુ રાખવાના રહેશે, દરમ્યાન મનાઇ હુકમ લગત જવાબ રજુ થયેથી ફેર સુનાવણી કરી અને હાલની અરજી લગત વધુ હુકમ ફરમાવવામાં આવશે, તેની પણ પક્ષકારોએ નોંધ લેવી.

(૩) ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરતો હોય, ખર્ચ લગત કોઈ હુકમ ફરમાવવામાં આવેલ નથી.

આ હુકમ આજ તારીખ ત્રીસમી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

તા.૩૦/૦૪/૨૦૨૬,
જૂનાગઢ.
JVC

(દિપેશકુમાર મધુસુદન ચાંપાનેરીયા)
ત્રીજા એડિશ્નલ સીનીયર સિવિલ જડ્જ,
જૂનાગઢ. કોડ નં. જીજે ૦૧૧૭૭.